મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૨૪ ટકા

ગાંધીનગર તાપમાન

# આરટીઓ કચેરીમાં જ નિયમોની ઐસી તૈસી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં આવેલ આરટીઓ રાજયની પ્રથમ પેપરલેસ કચેરી છે. રાજયમાં નમુનારૂપ કચેરી હોવા છતા રોજ સમસ્યાઓ ઉદભવે છે. શહેરી આરટીઓ કચેરી આગળ જ ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. નવા વાહન લઈને પાર્સીંગ માટે આવતા માલિકો આડેધડ પાર્ક કરતા ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. તો બીજી તરફ કચેરીનું પાર્કીંગ ન હોવાથી ગ માર્ગ ગ-૧ થી ગ-૦ સુધી વાહનનો ખડકલો જોવા મળે છે. ત્યારે આરટીઓ તંત્ર સામાન્ય નાગરીકો વિવિધ નિયમો બતાવીને પરેશાન કરી મુકે છે. ત્યારે આરટીઓ કચેરીમાં જ એક કાર પ્રાંગણમાં ડાર્ક ફિલ્મપટ્ટી લગાવીને ઉભેલી હોવા છતા કોઈ અધિકારીની નજર સુધ્ધા ગઈ નથી. આરટીઓ કચેરીમાં જ નિયમની ઐસીતૈસી કરતા વાહન ચાલકો પોતાનું કામ કઢાવીને જતા રહે છે. ત્યારે સામાન્ય નાગરીકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે માટે ટ્રાફિક અવેરનેસના કાર્યક્રમો યોજવામાં આવે છે. ટ્રાફિક ડ્રાઈવ રાખીને શહેરના વિવિધ સર્કલો પર ઉભા રહીને પસાર થતા વાહનોમાંથી ડાર્ક ફિલ્મપટ્ટી કઢાવી નાંખવામાં આવે છે. ત્યારે આજે એક વાહન માલિક ડાર્ક ફિલ્મપટ્ટીવાળી પોતાની ગાડી લઈને આવેલ અને પોતાનું કામ આરટીઓ કચેરીમાંથી પૂર્ણ કરીને જતો રહ્યો હતો. તેમ છતા આરટીઓના કોઈપણ અધિકારીની નજર કચેરીના અંદર આંખ આગળ ઉભેલા વાહન પર નજર પડી નહોતી તે શંકા ઉપજાવે છે. સામાન્ય પ્રજાને વિવિધ નિયમો બતાવીને રંજાડતા આરટીઓના અધિકારીઓની આંખ સામે જ ઉભેલી આ કાર ન દેખાઈ તે પ્રશ્ન પણ શંકા ઉપજાવે છે.



## @ગાંધીનગર

● ગાંધીનગર સાહિત્ય સભાની દર માસની મળતી બેઠકમાં સદસ્યોની સ્વરચિત રચનાઓનો પઠન કાર્યક્રમ 'વાંસતી વાયરાની મોજ' કાવ્ય ગોષ્ઠિ સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧ ખાતે યોજાશે.

● સેકટર-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા ધો-૧૦ અને ધો-૧૨માં બોર્ડની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવાશે અને નાના બાળકોને પોલીયોના ડ્રોપ સે-૩ સરકારી દવાખાનામાં પીવડાવાશે.

● બહુજન સમાજ પાર્ટી અને જિલ્લા યુનિટની બેઠક બપોરે ૩ કલાકે અશ્વમેઘ કોમ્પ્લેક્ષ સરગાસણ સર્કલ પાસે જિલ્લા કાર્યાલય ખાતે મળશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છાપત્ર આપવામાં આવશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કિશોરભાઈ કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો શ્રીમતી ભગવતીબેન રામચંદ્રભાઈ જોષી મહાકાળી કેટરર્સ, બ્લોક નં. ૧૧૦૯, સ્વસ્તિક સોસાયટી, સે-૭ ડીએસપી ઓફિસથી આગળ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

## અંતિમ ધામમાં અસ્થિ વિસર્જન પહેલા અંતિમદર્શનનું આયોજન

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના ઉપક્રમે શનિવારના રોજ સેકટર-૩૦ના અંતિમધામ ખાતે મૃતકોના



અસ્થિ વિસર્જન હરિદ્વાર ખાતે કરવાના હોઈ તે માટે પ્રાર્થના, પુષ્પાંજલિ અને અંતિમદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાના મૃતક સ્વજનના અસ્થિના અંતિમદર્શન તેમજ તેમના આત્માને મોક્ષ મળે તે હેતુથી પ્રાર્થના અને પુષ્પાંજલિ અર્પણ કરવા મોટી સંખ્યામાં સગાઓ હાજર રહ્યા હતા. મંડળ દ્વારા આયોજીત આ પ્રસંગે મહામંળના પ્રમુખ અરૂણભાઈ બૂચ તથા હોદ્દેદારોએ ઉપસ્થિત રહી ભગવાનને મંત્રોચ્ચાર અને તેમના ગુણગાન ગાઈ મૃતકોના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરાઈ હતી. ઉપસ્થિત સગાઓએ પણ ભારે હૈયે પોતાના સ્વજનના અસ્થિઓના અંતિમ દર્શન કર્યા હતા તેમજ મહામડંળના આ કાર્યને આવકારી પોતાના સ્વજનના અસ્થિને હરિદ્વારમાં ગંગામૈયામાં વિસર્જન થવાનો સંતોષ વ્યકત કરી આભાર માન્યો હતો.

## ભુમાફીયાનો ભોગ બનેલા ખેડુતની ફરિયાદ આખરે નોંધાઈ

**ત્રણ શખ્સો સામે ગુનાહીત ષડયંત્ર, વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો દાખલ**
**ચારેક દિવસ પહેલા વૃદ્ધ ખેડૂતે દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક કોબા ગામના એક ખેડૂતને રૂ. ૨૮ હજાર ઉછીના આપવાના બહાને સરકારી કચેરીમાં લઈ જઈ ખેડુતની જમીનના રજીસ્ટર બાનાખત કરાવી લઈ ભૂમાફીયાઓએ જમીન હડપ કરી લેવાનો કારસો રચ્યો હતો. કંટાળી ગયેલા ખેડૂતે આખરે ચારેક દિવસ પહેલા દવા પી લઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઈન્ફોસીટી પોલિસે આખરે ગઈ રાત્રે વૃદ્ધ ખેડુતની ફરિયાદ લઈ ત્રણ ભૂમાફીયા સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

કોબા ગામમાં રહેતા વૃદ્ધ ખેડૂત બાબુભાઈ જોતાભાઈ પટેલને થોડા રૂપિયા ઉછીના લેવાના હતા. કોબા ગામના વિષ્ણુ શાંકા રબારી, જમીયતપુરાના નિકુલ બળદેવ રબારી અને શેરથાના રોહીત ભરત રબારીએ મળીને રૂ. ૨૮ હજાર ઉછીના આપવાના બહાને બાબુભાઈ પટેલને સરકારી કચેરીમાં લઈ જઈ તેમની જમીનને રજીસ્ટર બાનાખત કરાવી બાબુભાઈસાથે ગુનાહીત ષડયંત્ર રચીને વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી લીધી હતી આ ભૂમાફીયાથી કંટાળીને બાબુભાઈએ ચારેક દિવસ પહેલા ન્યાય મેળવવા ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વદ્ધ ખેડુતની ફરિયાદ લઈન આખરે ઈન્ફોસીટી પોલિસે ત્રણેય શખ્સો સામે ગુનો દાખલ કરી ગુનાની તપાસનો દોર શરુ કર્યો છે.

## એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રેડિયો જોકી સાથે વાર્તાલાપ



ગાંધીનગર, તા.૧૦

આજે તા. ૧૦મી માર્ચને શનિવારના રોજ નાથીબા કોલેજના હોલમાં ધોરણ-૫ થી ૮ વિદ્યાર્થીઓ માટે આર.જે. જોકીમાંથી આવેલ નેહલબેન ગઢવી સાથે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને રેડિયો જોકી તરીકે પોતાની કારકિર્દી કેવી રીતે બનાવાય તેની માહિતી આપવામાં આવી હતી અને બાળકો સાથે અંતમાં પ્રશ્નોતરી પણ કરાઈ હતી. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## ગુજરાતી દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ અને વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતી દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા તથા સરસ્વતી સન્માન સમારોહ અમદાવાદ ખાતે યોજાયો હતો. કલ્પેશભાઈ મહારાજે મંત્રોચ્ચાર તથા આશીર્વાદ પાઠવી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. દાતાશ્રીઓ, મહાનુભાવો, શુભેચ્છકોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું અને સંસ્થાના ટ્રસ્ટી સ્વ. શ્રી ભીખુભાઈ એસ. ચૌહાણનું અવસાન થતા તેમને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

દાતાશ્રીઓનું ટ્રસ્ટીશ્રીઓના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અને આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના તેજસ્વી તારલાઓને મેડલ તેમજ શુભેચ્છા પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ સોલંકીએ 'ધો-૧૦-૧૨ પછી શું?' તૈયાર કરેલ પુસ્તકનું વિમોચન પ્રમુખ બુધેશભાઈ એસ. ચૌહાણ તથા મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણે કર્યું હતું. પ્રો. મંગળભાઈ પટેલે શૈક્ષણિક માર્ગદર્શન આપ્યું હતું. સમારોહમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ દાન-ભેટ આપી હતી. આભારવિધિ મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણે કરી હતી.

## વાતવાતમાં

● શહેરના બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓના વાલીઓના મોબાઈલ નંબરમાં મુખ્યમંત્રી તથા શિક્ષણમંત્રી દ્વારા એસએમએસ પ્રાપ્ત થયા હતા તેમણે વિદ્યાર્થીઓને પરીક્ષા અંગે શુભેચ્છા પાઠવી હતી.

● બોર્ડના પરીક્ષાર્થીના બોઠક નાંબરની વ્યવસ્થા ગોઠવાઈ જતા પરીક્ષાર્થીઓને તાળા બંધ રૂમ સાથે વ્યવસ્તા નિહાળવા દેવાઈ હતી. બેઠક વ્યવસ્થા નિહાળવા પરીક્ષા કેન્દ્રો પર વાલીઓ-પરીક્ષાર્થીઓની સતત આવન જાવન રહી હતી.

## મહાત્મા મંદિરે ગ્રાન્ડ મેગા બીએનઆઈ સિમ્પોઝિયમ ૨૦૧૮ યોજાયુ

**સિમ્પોઝિયમમાં ૧૨૦૦થી વધુ મેમ્બર્સે ૧૦ હજારથી વધુ રેફરન્સ શેરિંગ કર્યા**



ગાંધીનગર, તા.૧૦

વિશ્વમાં સૌથી વધુ ચેપ્ટર્સ અને મેમ્બર્સ ધરાવતા બિઝનેસ નેટવર્કિંગ ઈન્ટરનેશનલના 'બીએનઆઈ સિમ્પોઝિયમ-૨૦૧૮'ની ચોથી આવૃત્તિનું ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સિમ્પોઝિયમમાં અમદાવાદ, વડોદરા, સુરત વગેરે શહેરોમાંથી બીએનઆઈ મેમ્બર્સે મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને એક બીજાને બીઝનેસ રેફરન્સ શેરિંગ કરતો વન-ટુ-વન કોન્કલેવ યોજવામાં આવ્યો હતો. સિમ્પોઝિયમમાં વકતાઓમાં મુખ્ય મહેમાન તરીકે ઉદ્યોગ સાહસિક, મિડીયા મોગલ લેખક, ટીવી શૉ હોસ્ટ તથા એન્જલ ઈન્વેસ્ટર અનુરાગ બત્રા, અક્ષરસેમ ઈન્ડિયા લિ.ના જોઈન્ટ મેનેજીંગ ડિરેકટર તથા સીઈઓ મુંજાલ જયકૃષ્ણા, કલેરિસના સીએમડી અર્જુન હાન્ડા, લીડવિનના સીએમડી રાજન જોહરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા તથા તેમણે બીએનઆઈ મેમ્બર્સ સમક્ષ પોતાના બીઝનેસ જર્નીના અનુભવો શે'ર કરી પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## શહેરમાં ગરીબોની કસ્તુરીનો ભાવ અડધો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં ગરીબોની કસ્તુરી મોંઘીદાટ બની જવા પામી હતી. છેલ્લા ત્રણ ચાર માસથી કસ્તુરીના ભાવ આસમાનને આંબતા ગૃહિણીઓના ઘરના બજેટ ખોરવાઈ ગયા હતા. તો બીજી તરફ હોટલ, રેસ્ટોરન્ટ તેમજ નાસ્તાની લારીઓ પરથી પણ ડુંગળી ગાયબ થઈ ગઈ હતી. શહેરના શાકમાર્કેટમાં ડુંગળીનો ભાવ કિલોના રૂ.૬૦ હતા જે હવે નીચે આવતા અડધો થઈ ગયો છે. જયારે હોલસેલ બજારમાં ભાવ પણ ભારે તફાવત છે. ત્યારે ગરીબોની કસ્તુરીનો ભાવ અડધો થતા શાકભાજીની ખરીદીમાં નાગરીકોને રાહત થઈ છે.

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં રોજના અંદાજીત ૪૦૦ કટ્ટા ડુંગળી આવે છે. જયારે મોટાભાગની ડુંગળી નાસિક તેમજ ગુજરાતમાં કચ્છ તરફથી આવતી હોય છે. પરંતુ ડુંગળીના ઓછા ઉત્પાદનને કારણે શહેરમાં ડુંગળીનો જોઈએ તેટલો જથ્થો ન આવતા ભાવ આસમાનને આંબે તેવા ઉચકાયા હતા. છેલ્લા ઘણા સમયથી ડુંગળીનો ભાવ કિલોના રૂ.૬૦ જોવા મળતો હતો. પરંતુ નાસિક તરફથી ડુંગળી આવતા અને પુરવઠો યોગ્ય માત્રામાં હોવાથી ભાવ કાબુમાં આવી ગયા છે. અત્યારે ડુંગળીનો



હોલસેલ ભાવ કિલાનો રૂ.૧૮ થી ૨૦ છે. જયારે શાકમાર્કેટના છુટક બજારમાં કિલોના રૂ.૨૫ થી ૩૦ બોલાય છે. ડુંગળીનો ભાવ અચાનક અડધો થઈ જતા ગૃહિણીઓમાં રાહત થવા પામી છે. ગરીબોની કસ્તુરીના ભાવને પગલે હોટલ, રેસ્ટોરન્ટ તેમજ નાસ્તાની લારીઓ પરથી ડુંગળી અદ્રશ્ય થઈ ગઈ હતી. ત્યારે વેપારીઓ પણ ડુંગળી જરુરીયાત પુરતી જ વાપરતા હતા. નાસિક અને કચ્છ તરફથી નવી ડુંગળીની આવક થતા જ જોઈએ તેટલી માત્રામાં ડુંગળી મળતા ભાવમાં ભારે ગીરાવટ આવી છે. એક તબક્કે તો રૂ ૧૦૦ માં નાગરીકો એક કિલો ડુંગળી ખરીદી કરે તો અન્ય એક કે બે શાક આવે તેવો ભાવ હતો. પરંતુ શાકમાર્કેટમાં ડુંગળીનો ભાવ અડધો થઈ જતા ગૃહિણીઓ રાહત થવા પામી છે.

## જણસારી-જનક્ષત્રિય-મોચી સમાજના વિદ્યાર્થીઓને શુભેચ્છા

ગાંધીનગર, તા.૧૦

સમસ્ત જણસારી, જનક્ષત્રિય, મોચી સમાજના ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને સફળતા મળે તે માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

ડૉ. અશ્વિનભાઈ બી. જણસારી નિવૃત્ત નિયામિકશ્રી ગુજરાત યુનિ.એ વર્ષ ૨૦૧૮માં પી.એચ.ડી. તનારને રૂ. ૧૧૦૦ પુરસ્કાર અને વર્ષ ૨૦૧૮માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થનારને રૂ. ૧૧૧૧નો પુરસ્કાર આપવાની જાહેરાત કરેલ છે તેમ મહેન્દ્રભાઈ કે. ચૌહાણ કન્વીનર શ્રી વિશ્વ જણસારી સમાજ તેમજ ઉષાબેન ચૌહાણે જણાવેલ છે.

# છત્તીસગઢના યુવાનો ગાંધીનગરના આંગણે

**નહેરુ યુવા કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં નશાબંધી, ગ્રાહક સુરક્ષા અને સમાજ સુરક્ષા અંગે પણ યુવાનોએ માહિતી પ્રાપ્ત કરી**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના આંગણે છેલ્લા એક સપ્તાહથી પધારેલ છત્તીસગઢ રાજયના ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ આજે શહેરની યુવા સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. ગુજરાતના પાટનગરમાં વિવિધ ક્ષેત્રે થતી સેવાકીય પ્રવૃત્તિ અંગે માહિતી પ્રાપ્ત કરી હતી. આ સાથે વિદ્યાર્થીઓને તોલમાપ તથા ગ્રાહક સુરક્ષા અંગે તેમજ વ્યસન મુકિત અંગે કાર્યવાહીની સઘન માહિતી મેળવી હતી.



નહેરુ યુવા કેન્દ્ર દ્વારા 'સ્ટુડન્ટસ એકસચેન્જ પ્રોગ્રામ' અંતર્ગત ગુજરાત ખાતે પધારેલા છત્તીસગઢ રાજયના ૪૦ જેટલાં વિદ્યાર્થીઓ માટે આજે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' આધારિત ગાંધીનગરના સર્કિટ હાઉસ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજ સુરક્ષા વિભાગના નિયામક પંકજભાઈ ઠાકર, તોલમાપ વિભાગના ડેપ્યુટી ડાયરેકટર અશોકભાઈ મકવાણા, નશાબંધી મંડળના ગુજરાતના મહામંત્રી હરવદનભાઈ પરમાર, નેશનલ યુથ એવોર્ડી સંજીવ મહેતા સહિત શહેરની સ્વૈચ્છિક યુવા સંસ્થાઓ જીઈ કલબ, હેપ્પી યુથ કલબ, સ્કાય ગૃપ, હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન, ગૂંજ ફાઉન્ડેશન, આપણું ફાઉન્ડેશન વગેરેના હોદ્દેદારો-પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં છત્તીસગઢના યુવા સ્વયંસેવકોએ તેમની પ્રવૃત્તિઓ, તેમની સંસ્કૃતિ, તહેવારો તથા છત્તીસગઢમાં ફેલાયેલા નકસલવાદ તથા અન્ય સમસ્યાઓ અંગે ખુલ્લા મને વાત કરી હતી. આ સાથે વિદ્યાર્થીઓએ ગાંધીનગરની સ્વૈચ્છિક યુવા સંસ્થાઓના પ્રતિનિધિઓ પાસેથી વિવિધ ક્ષેત્રે કરવામાં આવતી સમાજોપયોગી સેવાકીય અને રાષ્ટ્રનિર્માણ લક્ષી પ્રવૃત્તિઓ અંગે વિગવતાર જાણકારી પ્રાપ્ત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે નહેરુ યુવા કેન્દ્રના યુથ કોઓર્ડિનેટર રજનીકાંત સુથારે વિદ્યાર્થીઓને જરુરી માર્ગદર્શન પુરું પાડયું હતું.

છત્તીસગઢના યુવાનોને આ પ્રસંગે નશાબંધી મંડળ દ્વારા વ્યસન મુકિત અંગે અને પ્રવાસન વિભાગ દ્વારા ગુજરાત અંગે ટૂંકી ફિલ્મોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તોલમાપ વિભાગના ડેપ્યુટી ડાયરેકટર અશોકભાઈ મકવાણાએ ગ્રાહકોના હક્કો અને નશાબંધી મંડળના મહામંત્રી હરવદનભાઈ પરમારે વ્યસનમુકિત અંગે તેમજ સમાજ સુરક્ષાના નિયામક પંકજભાઈ ઠાકરે સામાજિક હક્કો અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન નહેરુ યુવા કેન્દ્રના યુથ કો ઓર્ડિનેટર રજનીકાંત સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નહેરુ યુવા કેન્દ્રના ગુજરાતના કેટલાક યુવા સ્વયંસેવકો પણ જોડાયા હતા.

## સે-૧૯ જીમખાનામાં સ્વીમીંગ કોચિંગ શરૂ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સેકટર-૧૯ જીમખાના ખાતે સ્વીમીંગ પુલ શરુ કરવામાં આવ્યું છે. આગામી ૧૩મી માર્ચ ૨૦૧૮ના રોજ સવાર અને સાંજના સમયમાં રેગ્યુલર તથા શિખાઉ બેચ ચાલુ થશે. સ્વીમીંગ પુલમાં કોચિંગ લેવા ઈચ્છુક નગરજનોને સ્વીમીંગ કોચિંગના ફોર્મ જીમખાના ઓફિસ ખાતેથી ઓફીસ સમય દરમિયાન મળી જશે તેમ જીમખાનાના મેનેજરે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. દિવ્યાબેન પ્રબોધભાઈ રાવલ, ઉ.વ. ૮૨
- સ્વ. બબાજી તીદાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. જયંતકુમાર કાલીદાસ ગાંધી, ઉ.વ. ૮૬
- સ્વ. કનૈયાલાલ હિરાલાલ મહેતા, ઉ.વ. ૬૩